# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૨૭/૦૬/૨૦૨૫ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૮૬૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૭૩ લીટર દેશી દારૂ, ૨૨ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૩૭ બીયરટીન કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૮૬૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**તાજુ જન્મેલ મૃત ભ્રુણ મળી આવ્યુઃ–** **સમાચાર યાદી નં.૮૬૮/૨૦૨૫**

**સોલા હાઇકોર્ટઃ** તા.૨૬/૦૬/૨૦૨૫ બપોરના ૧/૧૫ વાગ્યા પહેલા કોઈપણ સમયે સોલા સીવીલ હોસ્પિટલ શુલભ શૌચાલય લેડીઝ ટોઈલેટમાંથી તાજુ જન્મેલુ મૃત બાળક (બેબી) ત્યજી દિધેલ હાલતમા મળી આવતા સોલા હાઇકોર્ટ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૮૬૯/૨૦૨૫**

**સરખેજઃ** પીરૂલાલ સ/ઓ ભગવાનલાલ કુમાવત (ઉ.વ.૩૭)(રહે. નીલકંઠ રેસીડેન્સી ડાયમન્ડ આઈકોન પાસે, કાસીંદ્રા તા.દસક્રોઈ જી.અમદાવાદ) એ તા.૨૬/૦૬/૨૦૨૫ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૬/૨૦૨૫ રાતના ૮/૦૦ થી તા.૨૨/૦૬/૨૦૨૫ સવાર ૬/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન સરખેજ–સાણંદ ચોકડી પાસે, અંકુર એસ્ટેટમાં દુકાન નંબર– ૧૦, ૧૧ ખાતે આવેલ "શ્રી મીરા મેટલ કોર્પોરેશન" ના શટરના દરવાજાના નકુચા અને તાળા તોડી, અજાણી વ્યક્તિ દુકાનમા પ્રવેશ કરી, સી.સી.ટી.વી કેમેરા તથા ટી.વી. ને નુકશાન કરી દુકાનમાંથી ધાતુના સ્ક્રેપ ભરી મુકેલ બોરાઓમાંથી પીત્તળ આશરે ૮૦૦ કિલો સ્ક્રેપ કિમત રૂપિયા ૪,૪૮,૦૦૦/– અને તાંબાનો આશરે ૩૦૦ કિલો સ્ક્રેપ કિમત રૂપિયા કિ.રૂ.૨,૪૬,૦૦૦/– તથા એલ્યુમિનિયમનો આશરે ૮૦૦ કિલો સ્ક્રેપ કિમત રૂપિયા ૧,૫૨,૦૦૦/– મળી કુલ રૂપિયા ૮,૪૬,૦૦૦/– મતાનો અલગ–અલગ ધાતુના સ્ક્રેપ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.કે.ધુળીયા ચલાવે છે.

**વીજ કરંટ લાગતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૮૭૦/૨૦૨૫**

**માધવપુરાઃ** સપનાબેન સંજયભાઈ વાઘેલા (ઉ.વ.૧૯)(રહે.કાજિમિયાનો ટેકરો, દુધેશ્વર રોડ રામાપીરના મંદિર પાસે, દુધેશ્વર માધવપુરા) તા.૨૬/૦૬/૨૦૨૫ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમમાં પાણીની મોટરથી પાણી ભરતા હતા ત્યારે વીજ કરંટ લાગતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પિટલ ખાતે લાવતા સવારના ૯/૦૫ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી બી.યુ.ગંડેચા ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી